વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં અભ્યાસક્રમવાર નક્કી થયેલ પ્રવેશ ધોરણો અને પ્રવેશના નિયમો

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 03/0૯/૨૦૨૦

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ આરોગ્ય વિભાગનો તા.૨૬/0૬/૧૯૮0નો ઠરાવ ક્રમાંક: બકર-૨૦૭૯-૨૦૮૭૩-(૮૦)હ

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮/૧૨/૧૯૯૨નો ઠરાવ ક્રમાંક:- સપછ-૨૦૯૧-૨૦૩૬(૯૨)-ગ

(3) સમાજ કલ્યાણ વિભાગનો તા.30/0૭/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૦૯૭/૭૮૯/અ.૧

(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.0૧/0૧/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:પવછ-૧૦૯૭-૭૮૯(૨)-અ-૧

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/0૨/૨000નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૦૯૭/મં.૧૪૬/અ.૧

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/0૭/૨00૧નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૦૯૭/મં.-૧૪૬/અ-૧

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૧૧/૨003નો ઠરાવ ક્રમાંક: પવછ-૧૦૯૭-૭૮૯/અ.૧

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧

(૯) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૧૨/03/૨૦૨૦ના પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./પ્રવેશ/૧૯-૨૦/૧૫૭ તથા તા.૨૫/0૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./પ્રવેશ/૨૦૨૦-૨૧/૬30

આમુખ:-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં હાલમાં ઓફ-લાઈન પ્રવેશ પદ્ધતિ અમલમાં છે. જે માટે અનુસરાતા ઠરાવોની જોગવાઇની વિગતો પત્રક-૧ મુજબ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી ઓનલાઇન પ્રવેશ પદ્ધતિ માટે અગાઉના ઠરાવોનું સંકલન તથા જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## પત્રક-૧

## સરકારી છાત્રાલયમાં પ્રવેશ માટે અનુસરાતા હાલનાં ધારાધોરણો

<table>
<tr><th>ક્રમ</th><th>ઠરાવ ક્રમાંક અને તારીખ</th><th colspan="3">વિગત</th></tr>
<tr><td>૧</td><td>સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ આરોગ્ય વિભાગનો તા.૨૬/૦૬/૧૯૮૦નો ઠરાવ ક્રમાંક: બકર-૨૦૭૯-૨૦૮૭૩-(૮૦)હ</td><td colspan="3">સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતં વર્ગો માટે ગાંધીનગર ખાતે છાત્રાલય શરૂ કરવા બાબત<br>૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ - ૭૦ %<br>૨. અનુ. જાતિ / અનુ. જનજાતિ - ૨૦ %<br>૩. આર્થિક રીતે પછાત વર્ગ - ૧૦ %</td></tr>
<tr><td rowspan="9">૨</td><td rowspan="9">સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮/૧૨/૧૯૯૨નો ઠરાવ ક્રમાંક:- સપછ-૨૦૯૧-૨૦૩૬ (૯૨)-ગ</td><td colspan="3">સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), ગાંધીનગર અને અન્ય સરકારી છાત્રાલયોમાં પ્રવેશ આપવા અંગે</td></tr>
<tr><td colspan="3">નીચે દર્શાવેલ ટકાવારી પ્રમાણે અનામત જગ્યા રાખવાની રહેશે.</td></tr>
<tr><td>ક્રમ</td><td>અભ્યાસક્રમ</td><td>નક્કી થયેલ પ્રવેશની ટકાવારી</td></tr>
<tr><td>૧</td><td>મેડીકલ-એન્જીનીયરીંગ</td><td>૧૦%</td></tr>
<tr><td>૨</td><td>પોલીટેકનીક-ફાર્મસી-ડીપ્લોમા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ</td><td>૧૦%</td></tr>
<tr><td>૩</td><td>અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ</td><td>૧૫%</td></tr>
<tr><td>૪</td><td>ધોરણ - ૧૧ અને ૧૨</td><td>૨૦%</td></tr>
<tr><td>૫</td><td>અન્ય</td><td>૪૫%</td></tr>
<tr><td colspan="3">સરકારશ્રી અને નિયામકશ્રીની મંજૂરીથી કોઈ પણ વિદ્યાર્થીને ખાસ કિસ્સામાં છાત્રાલયમાં પ્રવેશ આપી શકાશે તેમ ઠરાવેલ છે.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| ૩ | સમાજ કલ્યાણ વિભાગનો તા.૩૦/૦૭/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૦૯૭/૭૮૯/અ.૧ | વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબત<br>વિકસતી જાતિ હસ્તકના સરકારી છાત્રાલયોમાં ૯૦% વિકસતી જાતિના તથા ૧૦% આર્થિક પછાત વર્ગના છાત્રોને પ્રવેશ આપવો. |
| ૪ | સમાજ કલ્યાણ વિભાગનો તા.૦૧/૦૧/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:પવછ-૧૦૯૭-૭૮૯(૨)-અ-૧ | વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં અન્ય પછાતજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે<br>જે વિસ્તારમાં જે જાતિનું સરકારી છાત્રાલય ન હોય તે વિસ્તારમાં અગાઉની સુચનાઓના સંદર્ભમાં નિયત ટકાવારીની મર્યાદામાં રહીને જગ્યાઓની ઉપલબ્ધતા પ્રમાણે અન્ય જાતિના છાત્રો દાખલ કરી શકાશે. બાકી અગાઉની પેટર્ન તથા શરતો યથાવત રાખવામાં આવે છે તેમ ઠરાવેલ છે. |
| ૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૨/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક:પવછ/૧૦૯૭/મં.૧૪૬/અ.૧ | સરકારી છાત્રાલયોમાં કન્યાઓને પ્રવેશ આપવા આવક મર્યાદા નક્કી કરવા બાબત<br>ગરીબી રેખા માટે વખતો વખત નક્કી કરવામાં આવેલ આવક કરતાં પાંચ ગણી આવક મર્યાદાનું ધોરણ રાખવું. |
| ૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૦૯૭/મં.-૧૪૬/અ-૧ | સરકારી છાત્રાલયોમાં કન્યાઓને પ્રવેશ આપવા આવક મર્યાદા નક્કી કરવા બાબત (આર્થિક પછાત વર્ગની કન્યાઓ માટે)<br>વિકસતી જાતિ ખાતા હસ્તકના સરકારી કન્યા છાત્રાલયોમાં આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓના પ્રવેશ માટે તેમના વાલીની વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ ગરીબી રેખાની આવક મર્યાદા કરતાં ત્રણ ગણું રાખવાનું ઠરાવવામાં આવેલ છે. |
| ૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૧૧/૨003નો ઠરાવ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય/આશ્રમશાળાઓમાં અતિપછાત જાતિઓના બાળકોને દાખલ કરવા બાબત |

| | | |
|---|---|---|
| | ક્રમાંક: પવછ-૧૦૯૭-૭૮૯/અ.૧ | સરકારી છાત્રાલય/આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ આપવા સંદર્ભમાં તા.૩૦/૦૭/૧૯૯૭ના હુકમનો અમલ કરતી વખતે પણ અતિ પછાત અને વિચરતી-વિમુક્ત જેવી જાતિઓના ૧૦% જેટલા બાળકોને સરકારી છાત્રાલય/આદર્શ નિવાસી શાળામાં દાખલ કરવામાં આવે તે રીતે પ્રવેશ અપાય તે જોવાનું રહેશે. આ રીતે એકંદરે ઉપર દર્શાવ્યા મુજબ અતિ પછાત અને વિચરતી-વિમુક્ત જાતિના ૧૦% જેટલા બાળકોને સરકારી છાત્રાલયો/ આદર્શ નિવાસી શાળાઓ તેમજ સહાયક અનુદાનના ધોરણે ચાલતા છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં દાખલ કરવામાં આવે તે જોવાનો સરકારનો આશય છે. તેમ છતાં કોઇ કારણસર આ પ્રમાણ ન જળવાય તો બાકી રહેતી તમામ સંખ્યા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકોથી ભરી શકાશે. |
| ૮ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૪/૪૩૮/ અ.૧ | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ; નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની કલ્યાણકારી યોજનાઓમાં આવક મર્યાદા સુધારો/વધારો કરવા બાબત<br>રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં વાર્ષિક રૂ.૧,૫૦,૦૦૦/-ની આવક મર્યાદા કરવાનું ઠરાવેલ છે. |

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે પત્રક-૧માં દર્શાવેલ ક્રમ (૧) થી (૮) અન્વયે વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં છાત્રોને પ્રવેશ આપવા અંગેના ધારા-ધોરણોના સ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી ઓન-લાઈન પ્રવેશ માટે નીચે મુજબનો સંકલિત ઠરાવ અમલમાં લાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. જાતિવાર પ્રવેશની ટકાવારી**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ - ૬૦ %

(૨) અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત જાતિ - ૧૦ %

(3) અનુ. જાતિ / અનુ. જનજાતિ - ૨૦ %

(૪) આર્થિક રીતે પછાત વર્ગ - ૧૦ %

૨. ફેકલ્ટીવાઈઝ પ્રવેશની ટકાવારી

પત્રક-૨

| ગ્રુપ | અભ્યાસક્રમ | ટકાવારી |
|---|---|---|
| એ | મેડિકલ/ઈજનેરી અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમો<br>એમ.બી.બી.એસ. તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, ડિપ્લોમા અને ડીગ્રી એન્જિનીયરિંગ કક્ષાના અભ્યાસક્રમો તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, આયુષ (બી.એચ.એમ.એસ., બી.એ.એમ.એસ., બી.એન.વાય.એસ., બી.એસ.એમ.એસ., બી.યુ.એમ.એસ.), ડેન્ટલ, ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, ડિપ્લોમા/ડીગ્રી ફાર્મસી તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, એન.આઈ.ડી., એન.આઈ.એફ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૨૦% |
| બી | અનુસ્નાતક તથા સ્નાતક કક્ષા પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો<br>એમ.એ, એમ.કોમ, એમ.એસ.સી, બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ, બી.લીબ, એમ.લીબ, એમ.એસ.ડબલ્યુ, એમ.ફીલ, એલ.એલ.બી, એલ.એલ.એમ, જર્નાલિઝમ(માસ્ટર), એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ., પી.જી.ડી.સી.એમ., પી.એચ.ડી., એમ.એલ.ડબલ્યુ., એમ.આર.એસ., સી.એસ., સી.એ., એમ.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૨૫% |
| સી | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ<br>બી.એ, બી.કોમ, બી.એસ.સી, બી.બી.એ, બી.સી.એ, બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.જે.એમ.સી., બી.એસ.સી.(નર્સિંગ), બી.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૩૫% |
| ડી | અન્ય કક્ષાના અભ્યાસક્રમો,<br>એસ.આઈ., આઈ.ટી.આઈ., એ.ટી.ડી, પી.ટી.સી, સી.પી.એડ, એ.એન.એમ., જી.એન.એમ., ફાઈન આર્ટ્સ જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૧૦% |
| ઈ | ધો-૧૧,૧૨, સાયન્સ, કોમર્સ, આર્ટ્સ | ૧૦% |

ઉક્ત પત્રક-૨ મુજબ દર્શાવેલ અભ્યાસક્રમોમાં ગ્રુપ મુજબ મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. જ્યાં જે અભ્યાસક્રમોની કેટેગરીમાં છાત્રો ઉપલબ્ધ ન થાય ત્યાં બીજા અભ્યાસક્રમની કેટેગરીમાંથી નીચે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

ગ્રુપ (એ) થી (ઈ) ના ઉતરતા ક્રમ પ્રમાણે જેમ કે, (એ) ગ્રુપના છાત્રો ન મળે તો (બી) ત્યાર બાદ (સી), (ડી), અને (ઈ) ગ્રુપના છાત્રોને ટકાવારીના આધારે પ્રવેશ આપવાનો રહેશે. (એ) થી (ઇ) પૈકીના કોઇ ગ્રુપમાં છાત્રો ન મળે તો ક્રમશ: ઉતરતા ક્રમમાંથી પ્રવેશ આપવાનો રહેશે. અન્ય ગ્રુપમાં મેળવેલ પ્રવેશ એક વર્ષ પુરતો માન્ય ગણાશે. તેઓ રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે ગણાશે નહીં. જેથી, તેઓને આગામી વર્ષથી નવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપવાનો રહેશે.

૩. કુમાર તથા કન્યા છાત્રો માટે આવક મર્યાદા વાર્ષિક રૂ.૨.૫૦ લાખ રહેશે. કન્યા છાત્રો માટે ઓછી આવક વાળાને અગ્રતા આપવાની રહેશે.

૪. છાત્રાલયમાં ધોરણ ૧૦ પાસ (ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ/સી.બી.એસ.ઈ.) અથવા તે પછીનું ઉચ્ચ શિક્ષણ લેતાં છાત્રો પ્રવેશ માટે લાયક ગણાશે.

૫. મુળ ગુજરાત રાજ્યના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને લાભ મળવા પાત્ર થશે.

૬. ઉક્ત તમામ અભ્યાસક્રમોમાં છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ (કુલ ગુણમાંથી મેળવેલ ગુણ) મેળવેલા હોવા જોઇએ અને મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

* રીન્યુઅલ વિદ્યાર્થીઓને માટે ઓછામાં ઓછા ૫૦% કે તેથી વધુ ગુણ (કુલ ગુણમાંથી મેળવેલ ગુણ) હોવા જોઈએ.

* ગ્રુપ(એ)ના ફક્ત આયુષ, તબીબી કે ઈજનેરી અભ્યાસક્રમોમાં ભણતા વિદ્યાર્થીઓને જ યુનિવર્સિટીની પરીક્ષામાં આખા કોર્ષ દરમ્યાન જો ત્રણ વખત નાપાસ થયેલ હશે તો તેઓને ખાસ કેસ તરીકે પ્રવેશ આપી શકાશે.

૭. નાપાસ થનાર, અધુરો અભ્યાસ મુકનાર, બે થી વધુ વિષયમાં એ.ટી.કે.ટી. હોય, મુખ્ય વિષયમાં ડ્રોપ લેનાર તેમજ જાતિ/ગ્રુપ/અભ્યાસ/ટકાવારી ખોટી દર્શાવનાર વિદ્યાર્થીઓને તથા ઉપર જણાવ્યા પ્રમાણેના ગુણોથી ઓછા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૮. છાત્રાલયમાં આપવામાં આવતો પ્રવેશ છાત્રોના ગત વર્ષના વર્તન, અભ્યાસ, રહેણીકરણી, શિસ્ત, ચારિત્ર્ય વગેરે ધ્યાને લઈ એક શૈક્ષણિક વર્ષ પુરતો રહેશે.

૯. છાત્રાલયના જૂના વિદ્યાર્થીઓએ પ્રવેશ ચાલુ રાખવા નવેસરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૧૦. છાત્રાલયમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના અભ્યાસક્રમના તેમજ જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી કરી પ્રવેશ આપવાની, છાત્રાલય ફેરફાર કરવાની તથા ગત વર્ષના ચારિત્ર્ય અને વર્તણૂકને આધારે પ્રવેશ રદ કરવાની અને પ્રવેશ સબંધિત તમામ સત્તાઓ જિલ્લાકક્ષાની છાત્રાલય પ્રવેશ સમિતિની રહેશે.

૧૧. ગ્રુપવાર નક્કી થયેલ અનામત જગ્યાઓ પૈકી ૫% વિકલાંગ વિદ્યાર્થીઓ (૪૦% કે તેથી વધુ વિકલાંગતા), ૨% વિધવાના સંતાનો અને ૧% અનાથ વિદ્યાર્થીઓ માટે જગ્યાઓ પેટા અનામત રાખવામાં આવશે. જો આ જગ્યાઓ ખાલી રહે તો અન્ય વિકસતી જાતિના વિદ્યાર્થીઓને મેરીટના અને ઉતરતા કોર્ષના ક્રમના આધારે એક વર્ષ પુરતો શરતી પ્રવેશ આપવાનો રહેશે. તેઓ રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે ગણાશે નહીં તથા આગામી વર્ષથી નવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપવાનો રહેશે. સમાજ સુરક્ષા ખાતા સાથે સંકલન કરી બહોળી પ્રસિદ્ધિ દ્વારા આવા છાત્રોને વધુ પ્રવેશ આપવાના પ્રયત્નો કરવાના રહેશે.

૧૨. છાત્રાલયમાં નવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ગ્રુપ(ઈ)માં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૦ના ગુણની ટકાવારી (કુલ ગુણમાંથી મેળવેલ ગુણ) ધ્યાને લેવાના રહેશે. ગ્રુપ (ડી)ના વિદ્યાર્થીઓ પૈકી ફક્ત આઇ.ટી.આઇ. માટે ધો.૧૦ની ટકાવારી ધ્યાને લેવામાં આવશે તથા બાકીના અભ્યાસક્રમો માટે ધો.૧૨ની ટકાવારી ધ્યાને લેવાશે. ગ્રુપ (એ) અને ગ્રુપ (સી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં કોઈ પણ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ધોરણ-૧૨માં મેળવેલ ટકાવારી (કુલ ગુણમાંથી મેળવેલ ગુણ)ને ધ્યાને લઈને મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે. (નોંધ: અભ્યાસક્રમના આગળના વર્ષમાં કુલ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ૫૦% કે તેથી વધુ ગુણ સાથે પાસ થયેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીની પ્રવેશ માટે પાત્ર ગણાશે.)

- ગ્રુપ (એ) તથા (બી) અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર છાત્રોએ સંલગ્ન સ્નાતક અભ્યાસક્રમની જે ટકાવારીના આધારે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ હોય અથવા મેળવવાનો હોય તે ટકાવારી દર્શાવવાની રહેશે. જે અભ્યાસક્રમમાં ગ્રેડેશન પદ્ધતિ અમલમાં હોય તે વિદ્યાર્થીઓને CGPA (Cumulative Grade Point Average)ને યુનિવર્સિટી માન્ય પદ્ધતિ પ્રમાણે ટકાવારીની ગણતરી કરવાની રહેશે.

- ડિપ્લોમા બાદ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ યુનિવર્સિટીમાં જે ટકાવારીના આધારે પ્રવેશ મેળવેલ હોય તે જ ટકાવારીના આધારે છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવશે.

- રિન્યુઅલ વિદ્યાર્થીઓને ગત વર્ષની ટકાવારીને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. જે યુનિવર્સિટી કે અભ્યાસક્રમમાં ટકાવારીના સ્થાને ગ્રેડેશન પદ્ધતિ અમલમાં હોય તો તેમના ગત વર્ષના બે સેમેસ્ટરના સરેરાશ SPI (Semester Performance Index)ને આધારે પ્રવેશ આપવામાં આવશે. જો વિદ્યાર્થીનું નવું સત્ર શરૂ થયેલ હોય તથા ગત વર્ષ/સેમેસ્ટરનું પરિણામ આવેલ ન હોય તો તેની ગત વર્ષના અથવા બે સેમેસ્ટરની સરેરાશ ટકાવારીને આધારે પ્રવેશ આપવામાં આવશે.

૧૩. છાત્રાલયમાં બે વર્ષથી વધુની અભ્યાસની ગેપ ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં. બે વર્ષ સુધીની ગેપ ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની અંતિમ મેરીટ ટકાવારીમાંથી યુનિવર્સિટીના નિયમો મુજબ જે ટકાવારીની કપાત કરવામાં આવતી હોય તે પ્રમાણે ગણતરી કર્યા બાદના મેરીટને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. (વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ જે શૈક્ષણિક વર્ષ દરમિયાન યુનિવર્સિટી માન્ય અભ્યાસમાંથી કોઈ પણ પ્રકારનો અભ્યાસ ન કરેલ હોય તે વર્ષ ગેપ તરીકે ગણવાની રહેશે.)

૧૪. દરેક વિદ્યાર્થીએ અને વાલીએ પ્રવેશ મેળવતી વખતે નિયત નમૂનામાં બાંહેધરી પત્રક આપવાનું રહેશે અને તે બાંહેધરીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. કોઈ પણ વિદ્યાર્થીને કોઈ પણ પ્રકારનો ચેપી રોગ હોય, કોઈ ગુપ્ત રોગ હોય તો તેઓએ તેની જાણ છાત્રાલયના સંબંધિત અધિકારીને તુરંત કરવાની રહેશે અને જાણ નહીં કરનાર અંગે પાછળથી માહિતી મળશે અને તે સાબિત થશે તો કાર્યવાહી કરી વિદ્યાર્થીને તાત્કાલિક છાત્રાલયમાંથી પ્રવેશ રદ કરવામાં આવશે.

૧૬. જે વિસ્તારમાં જે જાતિનું સરકારી છાત્રાલય અથવા સમરસ છાત્રાલય હોય તે વિસ્તારમાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના સરકારી છાત્રાલયોમાં ૯૦% વિકસતી જાતિના તથા ૧૦% આર્થિક પછાત વર્ગના છાત્રોને પ્રવેશ આપવો તથા જે વિસ્તારમાં જે જાતિનું સરકારી છાત્રાલય ન હોય તે વિસ્તારમાં નીચે મુજબની ટકાવારી પ્રમાણે પ્રવેશ આપવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | - | ૬૦ % |
| (૨) અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત જાતિ | - | ૧૦ % |

(૩) અનુ. જાતિ / અનુ. જનજાતિ - ૨૦ %
(૪) આર્થિક રીતે પછાત વર્ગ - ૧૦ %

ઉક્ત નક્કી કરેલ ટકાવારી પ્રમાણે જે-તે કેટગરીના છાત્રો ઉપલબ્ધ ન થાય તો વિકસતી જાતિના છાત્રોને મેરીટ પ્રમાણે પ્રવેશ આપી શકાશે.

૧૭. છાત્રાલય જે સ્થળે આવેલ હોય તે શહેરના સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે નહીં.

૧૮. છાત્રાલય જે જિલ્લામાં આવેલ હોય તે જિલ્લાની કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને જ પ્રવેશ આપવામાં આવશે.

૧૯. ડિસ્ટન્સ લર્નિંગથી ચાલતા અભ્યાસક્રમોના આધારે છાત્રાલયમાં પ્રવેશ મેળવી શકાશે નહીં.

૨૦. છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ખાતા/સરકારશ્રીએ નક્કી કરેલ વખતોવખતના નીતિ નિયમોનું પુરેપુરી રીતે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૨/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) નાયબ સચિવશ્રી(સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)

(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૯) સિલેક્ટ ફાઇલ

## <u>બાંહેધરી પત્રક-૧</u>

આથી હું શ્રી.............................................................. કબુલાત લખી આપું છું કે સરકારી છાત્રાલયમાં મને પ્રવેશ આપવામાં આવેલ છે. છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો મેં બરાબર ચોકસાઈ પૂર્વક વાંચેલ છે. મને નિયમો કબૂલ મંજૂર છે. જ્યાં સુધી છાત્રાલયમાં મારો પ્રવેશ ચાલુ રહેશે તે દરમ્યાન છાત્રાલયના તમામ નિયમોનું હું ચુસ્તપણે પાલન કરીશ અને જો તે નિયમોનું હું ભંગ કરૂં તો મારો પ્રવેશ રદ ગણાશે અને તે અંગેની મારી અંગત જવાબદારી ગણાશે અને તે સામે મારો કોઈ વાંધો રહેશે નહિ અને તે સમજી વિચારીને છાત્રાલયના નિયમોનું પાલન કરીશ જે બદલ મારી નીચે સહી આપેલ છે.

નામ:- ....................................  છાત્ર/છાત્રાની સહી ..............................

સરનામું:-...................................

## <u>બાંહેધરી પત્રક-૨</u>

આથી હું શ્રી..............................................................ખાતરી આપું છું કે, મારા પુત્ર/પુત્રી/પાલ્ય/ આશ્રિત ....................................................................... ને ચાલુ વર્ષે આપના ખાતા હસ્તક ચાલતા સરકારી છાત્રાલયમાં .................................. અભ્યાસક્રમમાં પ્રવેશ આપેલ છે. જો તેઓ છાત્રાલયમાં પાળવાના શિસ્ત અને વર્તણૂંકના નિયમોનું ઉલ્લંઘન કરશે અને છાત્રાલયની સરકારી મિલકત કે સાધનને નુકશાન કરશે તો તેની થતી રકમ ભરપાઈ કરવા હું બાંહેધરી આપું છું.

સાક્ષીની સહી, નામ, સરનામું અને મોબાઈલ નં.

(૧)  ..............................................

(૨)  પિતા/વાલીની સહી

નામ, સરનામું અને મોબાઈલ નં.